## (૯૯) પેન્શનરોને જિલ્લા તિજોરી કચેરી ખાતેથી સેન્ટ્રલાઈઝ પેમેન્ટ સિસ્ટમ હેઠળ મેડિકલ રિએમ્બર્સમેન્ટના ક્લેઈમના ચુકવણા કરવા અંગે.

હિસાબ અને તિજોરી નિયામક કચેરી, ક્રમાંક : હિતિન/ટીસી/ફા.૧૨૫/ટીઆર/૧૧૫૬/૮૫૦૬ (30)

વીમા અને લેખાભવન, તા.૦૧-૦૯-૨૦૦૭

પરિપત્ર ક્રમાંક : ૨૪/૨૦૦૭

નાણાં વિભાગના તા.૨-૭-૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક : તજર/૧૦૨૦૦૭/૧૮૫/ઝ, થી લેવાયેલ નિર્ણય મુજબ તા.૧-૮-૦૭ થી તમામ પેન્શનરોને સેન્ટ્રલાઈઝ પેન્શન પેમેન્ટ સિસ્ટમ હેઠળ જિલ્લા તિજોરી કચેરી ખાતેથી પેન્શનનું ચૂકવણું કરવાનું રહે છે. જે અન્વયે પેન્શનરોના મેડિકલ રિએમ્બર્સમેન્ટનાં ક્લેઈમનાં ચુકવણાં માત્ર જિલ્લા તિજોરી કચેરી ખાતેથી કરવાનાં રહેશે.

મેડિકલ બિલ રજૂ કરવાની પદ્ધતિ :

★ પેન્શનરોને તેઓના મેડિકલ રિએમ્બર્સમેન્ટના ક્લેઈમ રજૂ કરવામાં તથા ચૂકવવામાં મુશ્કેલી ન પડે તેમજ વિલંબ ન થાય તે માટે તેઓ તેમના ક્લેઈમ નાણાં વિભાગના તા.૩-૧૦-૯૯ ના ઠરાવ અન્વયે મેડિકલ બિલની રકમ તેઓના બેંક એકાઉન્ટમાં સીધી જમા કરવા અંગેનો વિકલ્પ આપ્યાની વિગત અરજી સાથે પેટા તિજોરી કચેરી/જિલ્લાતિજોરી કચેરીમાં નીચે દર્શાવેલ રીતે રજૂ કરી શકાશે :

★ તાલુકા ગ્રામ્ય વિસ્તારના પેન્શનરો તેઓના મેડિકલ રિએમ્બર્સમેન્ટના ક્લેઈમ જે તે જિલ્લાની નજીકની પેટા તિજોરીમાં રજૂ કરી શકશે.

★ પેન્શનર સ્વેચ્છાએ તેઓનું મેડિકલ બિલ પોસ્ટ મારફતે જિલ્લા તિજોરી કચેરીમાં સીધું રજૂ કરી શકશે.

★ પેન્શનર સ્વેચ્છાએ તેઓનું મેડિકલ બિલ જિલ્લા તિજોરી કચેરી ખાતેના કાઉન્ટર પર રજૂ કરી શકાશે.

**મેડિકલ બિલ અંગે પેટા તિજોરી કચેરીએ કરવાની કાર્યવાહી :**

★ રજૂ થયેલ મેડિકલ બિલની પેન્શનરને પહોંચ આપવાની રહેશે.

★ રજૂ થયેલ બિલને ઈનવર્ડ રજિસ્ટરમાં નોંધીને દૈનિક હિસાબો સાથે જિલ્લા તિજોરી કચેરીએ મોકલવાના રહેશે.

**મેડિકલ બિલ અંગે જિલ્લા તિજોરી કચેરીએ કરવાની કાર્યવાહી :**

★ મેડિકલ બિલોની ચકાસણી જિલ્લા તિજોરી કક્ષાએથી આ સંબંધી જોગવાઈઓ મુજબ કરવાની રહેશે.

★ નાણાં વિભાગના તા.૩-૧૦-૯૯ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૯૯/ડી/૫૬૫-પી મુજબ જેઓએ વિકલ્પ આપેલ છે તેવા પેન્શનરોનાં મેડિકલ બિલનાં નાણાં તેઓના બેંક એકાઉન્ટમાં નાણાં વિભાગના ઉપરોક્ત ઠરાવ તથા અત્રેની કચેરીના તા.૪-૧૧-૯૯ના પરિપત્ર ક્રમાંક : ૧૫/૧૯૯૯ની સૂચનાઓ મુજબ સીધા બેંક એકાઉન્ટમાં જમા કરવાની કાર્યવાહી કરવાની રહેશે.

★ નાણાં વિભાગના તા.૩૦-૧૦-૯૯ ના ઠરાવ મુજબ જે પેન્શનરોએ વિકલ્પ આપેલ નથી તેઓના મેડિકલ બિલનાં ચુકવણાં કાઉન્ટર પરથી કરવાનાં રહેશે.

સહી, સત્તાધિકારી,
નિયામક, હિસાબ અને તિજોરી

★★★★★★